ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## જબ્રો ઈખ્તિયાર (અત્યાચાર-કાબૂ)

અત્યાચાર, જબરદસ્તીના પ્રશ્ને મુસ્લિમોને પારાવાર નુકશાન પહોંચાડયું છે. ઘણાખરા ફિલસૂફો અને સંતો માનવીને સાવ લાચાર (બંદ-એ-મજબૂર)માને છે. વાસ્તવિકતા એનાથી સાવ ઉલટી જ છે. મહાન સૂફીઓમાંના એક મૌલાના રૂમે(રહ.)આ ખોટી માન્યતાનો પ્રખરતાથી વિરોધ કર્યો હતો. એમણે દલીલો દ્વારા ઈન્સાનનું સ્વતંત્ર (મુખત્યાર)હોવું સાબિત કર્યું છે. આપણો રોજિંદો અનુભવ એવો છે કે આપણી ઈચ્છા પ્રમાણે જ આપણાં કામો થાય છે. વાસના, ઘૃણા, પ્રેમ, ગુસ્સો, લજજા વગેરે વૃત્તિ-દુવૃત્તિઓ આપણી જ ઈચ્છાથી વ્યકત થાય છે. આથી વધારે ઈન્સાનની સ્વતંત્રતા-મુખત્યારીની સાબિતી કઈ હોઈ શકે? કુર્આને શરીફમાં અલ્લાહ તઆલાએ માણસને કાર્યનો શોખ અને પ્રેરણા આપી છે. ઈન્સાન સાચે જ લાચાર હોત તો એની શી જરૂર હતી? બાહય ભૌતિક સાધનો વિશ્વ સાથે સંકળાયેલા છે. ખુદાએ પણ આ બાહય સાધનોને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો છે. તો શું ઈન્સાન મહત્તમ-ઉચ્ચત્તમ હોવા વિના આવું માર્ગદર્શન મળે ખરું? વાસ્તવમાં બળવાન સત્ય માણસનું જબ્ર-અખત્યાર હોવું છે. માણસ લાચાર નથી. તે એક પ્રભાવપૂર્ણ અસ્તિત્વ છે. તે ઈચ્છાઓ સર્જી શકે છે. પણ તે કેવી ઈચ્છા સર્જી શકે તે અલ્લાહે નબીઓનાં આચરણ અને જીવનસંદેશ દ્વારા આપણને સમજાવ્યું છે. ઈન્સાન એવા કાર્યોનાં સંકલ્પો કરી શકે અને તે માટે સાહસો પણ કરી શકે.

ઈન્સાન તેની ઈચ્છાનો માલિક છે, પરંતુ તે કેવી ઈચ્છાઓનો માલિક હોઈ શકે, કે તેણે શું હોવું જોઈએ તે કુર્આને શરીફ, નબીઓના સંદેશો અને એમનાં પ્રેરક જીવને પ્રગટ કર્યું છે.

• મસ્ત મંગેરા

માહે ઝિલ્કદ ૧૪૪૧ જુલાઈ - ૨૦૨૦ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## જઝાકુમુલ્લાહ

### અમેરીકા થી જનાબ મોહંમદભાઇ પટેલ સા. એ સોસાયટીના ઝકાતફંડમાં મોકલેલ રૂા.૧૨,૪૨,૪૫૦/-

સોસાયટીના હિતેચ્છુ હમદર્દ દાનવીર **જનાબ મોહંમદભાઇ પટેલ સા. (જીતાલીવાલા) અમેરીકા** તરફથી છેલ્લા ઘણા વર્ષોથી સોસાયટીને દાન આપી મદદરૂપ થઇ રહયા છે. દર વર્ષે રકમમાં ઉત્તરોત્તર વધારો કરી ચાલુ વર્ષે **રૂા.૧૨,૪૨,૪૫૦/-** સોસાયટીના ઝકાતફંડમાં મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

**અલ્લાહપાક આપની આ ખિદમત અને ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમા અતા ફરમાવે. આમીન.**

### લંડન - યુ.કે.થી સોસાયટીના બેવાફંડમાં મળેલા રૂા.૭,૩૧,૯૯૮/-

દર વરસની જેમ ગયા રમઝાન માસમાં આપણા હમદર્દો હિતેચ્છુઓ **જનાબ હાજી અહમદભાઇ વાવડા સાહેબ, જનાબ હાજી અલી આઝમ ઇસ્માઇલ સાહેબ** તથા **જનાબ હાજી સુલેમાન એ. દાદાભાઇ સાહેબ** એ લંડનમાંથી આપણી વિધવા બહેનો માટે **રૂા.૭,૩૧,૯૯૮/-** ઉઘરાવી મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

રમઝાન મુબારક માસમાં પોતાની ઇબાદત કરતા જઇ કૌમની બેવાઓ માટે દર વરસે નિ:સ્વાર્થ ચંદો ઉઘરાવી સોસાયટીને મોકલે છે. **તે બદલ હમો એમના ઋણી છીએ.**

અલ્લાહ રબ્બુલ ઇઝઝતથી દુઆ કરીએ કે માબુદે કરીમ આપ લોકોની ખિદમતને સખી દાતાઓની ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**

### બર્મીંગહામ-યુ.કે.થી જનાબ અ.અઝીઝભાઇ ઉનીયા સાહેબ હસ્તે સોસાયટીને મળેલા ૪૩૬૧ પાઉન્ડ

દર વર્ષની જેમ ગયા રમઝાન માસ દરમ્યાન કૌમના હિતેચ્છુ **જનાબ અ.અઝીઝભાઇ ઉનીયા સા.** એ **૪૩૬૧ પાઉન્ડ** ઉઘરાવી સોસાયટીના ખાતામાં જમાં કર્યા છે. **જઝાકુમુલ્લાહ.**

રમઝાન મુબારક માસમાં પોતાની ઇબાદત કરતા જઇ કૌમના નૌનિહાલો, બિમારો, બેવાઓ માટે દર વરસે નિ:સ્વાર્થ ચંદો ઉઘરાવી સોસાયટીને મો કલે છે.તે બદલ હમો એમના ઋણી છીએ.

અલ્લાહપાક સૌ નામી- અનામી ખિદમત ગુજાર તથા દાતાઓને આ નેક કાર્યનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**

### એલ.એ.થી સોસાયટીના બેવાફંડમાં મળેલા ૮૬૩૦ ડોલર

દર વર્ષની જેમ ગયા રમઝાન માસ દરમ્યાન કૌમના હિતેચ્છુ **જનાબ હાજી રશીદભાઇ ઉમરજી સા.** એ **૮૬૩૦ ડોલર** ઉઘરાવી સોસાયટીના બેવાફંડમાં મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

રમઝાન મુબારક માસમાં પોતાની ઇબાદત કરતા જઇ કૌમની બેવાઓ માટે દર વરસે નિ:સ્વાર્થ ચંદો ઉઘરાવી સોસાયટીને મોકલે છે. **તે બદલ હમો એમના ઋણી છીએ.**

અલ્લાહ રબ્બુલ ઇઝઝતથી દુઆ કરીએ કે માબુદે કરીમ આપ લોકોની ખિદમતને સખી દાતાઓની ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન અઝર બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**

### નેનીટન-યુ.કે.થી મળેલા ૬૮૧.૫૦ પાઉન્ડ

દર વર્ષની જેમ ગયા રમઝાન માસ દરમ્યાન કૌમના હિતેચ્છુ **જનાબ મોહંમદભાઇ ભૈયાત સા.તથા જનાબ અરશદ સીદાત સા.** એ **૬૮૧.૫૦ પાઉન્ડ** ઉઘરાવી મોકલ્યા છે. **જઝાકુમુલ્લાહ.**

રમઝાન મુબારક માસમાં પોતાની ઇબાદત કરતા જઇ કૌમના નૌનિહાલો, બિમારો, બેવાઓ માટે દર વરસે નિ:સ્વાર્થ ચંદો ઉઘરાવી સોસાયટીને મો કલે છે.તે બદલ હમો એમના ઋણી છીએ.

અલ્લાહપાક સૌ નામી- અનામી ખિદમત ગુજાર તથા દાતાઓને આ નેક કાર્યનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**

### આપણી સોસાયટીના ઓન . જન. સેક્રેટરી જ. અહમદભાઇ ઉનીયા સા. હસ્તે મળેલ ઝકાતની મદદ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૦૦૦ | જ. શાહીદભાઇ પઠાણ સા. | વડોદરા | ૫૦૦૦ | જ. ઝીયાદભાઇ જીનવાલા સા. | વડોદરા |
| ૧૦૦૦૦ | જ. નજમુદ્દીન એ. શેખ સા. | અંકલેશ્વર | ૫૦૦૦ | મોહ.યાસ્મીન પરવીન એમ. સૈયદ સા. | વડોદરા |

અનુસંધાન ટાઇટલ ૩ ઉપર

## વહોરા સમાચાર

- **હદીસ શરીફ**
- હઝરત ઉસામા બિન ઝૈદ(રદી.) હઝરત(સલ)થી રિવાયત કરે છે કે, 'જે કોઈએ બીજાની સાથે ભલાઈ કરી હોય તો ઉપકાર કરનાર માટે દુઆ કરે.'
- દરેક વ્યક્તિને તેનો હકક આપવો જોઈએ.

***

- **ચિંતન**
- દુનિયામાં જ્યારે જ્યારે ઝુલ્મો-સિતમ હદથી વધી જાય તો લાચાર, નિસહાય, પિડીત વ્યક્તિની આંખમાંથી નિકળેલું એક ટીપું પણ મોટો દરિયો બની જાય છે. અને દુનિયાને અનેક આફતોથી ઘેરી લે છે. આજે એ સત્ય દેખાઈ રહયું છે. આ સમય સબર અને ઝિક્રનો છે. આટલું સમજવું અઘરું નથી.

**અંક : ૪,૫,૬,૭**

**માસ: એપ્રિલ,મે,જુન,જુલાઈ ૨૦૨૦**

**માહે: ઝિલ્કદ ૧૪૪૧**

**તંત્રી : મસ્ત મંગેરા**

***

### ■ માનવજાતની સમસ્યાઓનો ઉકેલ કુઓંને અઝીમમાં

કુરઆનમેં ગોતાઝન અય મર્દે મુસલમાં
અલ્લાહ કરે તુજકો અતા જિદ્દતે કિરદાર
જો હરફે કુલિ-લ-અફવમેં પોશીદા હૈ અબતક
ઈસ દૌરમેં શાયદ વો હકીકત હય નમૂદાર.

.ડો.ઈકબાલ

***

## ■ તંત્રી સ્થાનેથી...!

વહોરા સમાચારના પ્રિય વાચકોને સંસ્થા, સમાજ અને સૌ મુસ્લિમ બિરાદરો તરફથી સલામ.

વહોરા સમાચારના શરૂ થયા પછી ત્રણ-ત્રણ મહિના સુધી પેપરનું પ્રગટ ન થવું મારા જેવા લાગણીશીલ માણસ માટે ઘણું અઘરું રહયું.

આજે આપના હાથમાં વહોરા સમાચાર આપતા ભાવવિભોર થઈ અનહદ આનંદની લાગણી અનુભવું છું.

જે દિશામાં જવા શાસકો પ્રયાસ કરી રહયા હતા તેનાથી ઉલટી દિશામાં અલ્લાહપાકે જવા માટે દેશ-વિદેશને તમામ ક્ષેત્રમાં સપડાવી દીધા. મહાધૂરંઘર લોકો પણ એમાંથી બચી શકયા નથી. દુનિયાના તમામ દેશોની તમામ વ્યકિતને ચાર-ચાર મહિના સુધી ઘરમાં બંધ રહી દિવસો વિતાવવા પડયા.

ઘણા-ઘણા બનાવો આર્થિક, ધાર્મિક અને સામાજિક બાબતોમાં ફેરફાર કરનારા બનતા રહયા. આપણે સૌ સગી આંખે જોઈ રહયા પણ કંઈ કરી શકયા નહી.

<u>આ અલ્લાહની તાકાત છે.</u>

ખોટું કરનારને એનો બદલો અચૂક મળે જ છે. આવનારો સમય ઘણો અઘરો છે. સૌ વાચક બિરાદરોને વિનંતી કે સમજો, વિચારો અને સદ્‌ભાવ કેળવો. નફરત ફેલાવવાનું મહાપાપ ન થાય તેનું ખાસ ધ્યાન રાખો.

સૌને અલ્લાહ સલામત રાખે એવી દિલી દુઆઓ સહિત.

■ મસ્ત મંગેરા(કાંગવઈ)

**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**

તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.



Scanned with CamScanner

## ...બોર્ડ પરીક્ષા સ્પેશ્યલ... ...
## મુંઝાશો નહિ...

સારેકોર બોર્ડની તાડામારીમાંથી હજી હાશ લેવાયો નથી ત્યાં પરીણામનાં ભણકારાઓ શરૂ થઇ ગયાં છે. સમગ્ર વિધાર્થીવર્ગ પરિણામ સારૂ જ આવે એની દુઆ કરે છે ત્યારે વાલીવર્ગ તારૂં પરિણામ આવવા દે પછી તારી વાત.!!. ની રાહ જોઇ બેઠો છે.

એક વર્ષ આગળથી વાલીઓનું રટણ શરૂ થાય કે બેટા આવતા વર્ષે દસમું છે, કે આવતાં વર્ષે બારમું છે. અને આ રટણ છેક બારમાના પરિણામ આવે ત્યારે પૂર્ણ થાય. પરિણામ સારૂ આવે તો હકારાત્મક અભીગમથી અને પરિણામ સારૂ ન આવે તો નકારાત્મક ઉદબોધનો અને આલોચનાઓની ભરમાર. લગભગ સાડા ત્રણ વર્ષનો સંપૂર્ણ માનસિક ત્રાસવાદ ભોગવ્યા બાદ એ વિધાર્થીનું માનસિક વર્તન સામાજિકક્રિયાઓ માટે સ્વસ્થ રહેતું નથી. લગભગ બારમું પૂર્ણ થતાંની સાથે જ તેની ચિંતન - મનન ક્ષમતાનું બારમું થઇ જ જાય છે.વિધાર્થી તેના વિધાર્થીકાળ દરમ્યાન ફકત વાંચન,લેખન, ગોખણપટ્ટી અને ગૃહકાર્ય વચ્ચે અટવાતો અને માર્ગ ભૂલેલો રાહી બની ગયો હોય એવો ભાસ થાય છે. અને બોર્ડની પરીક્ષાનું તે એટલું બધું ભારણ લઇને ફરે છે કે, તે બોર્ડ શબ્દનું રટણ સાંભળી સાંભળીને જ થાકી જાય છે. બાળક દોડી શું ચાલી પણ નથી શકતું. અને આટલા બધાં ભારણ પછી પણ વાલીઓ એવી આશા સેવે છે કે અમારું બાળક દોડે. અને એ બાબત અશક્ય છે.

બાળકોનાં માનસપટ પર બોર્ડની પરીક્ષાનો જે કૃત્રિમ હાઉ ઉભો કરાયો છે એમાં તે દિવસે ને દિવસે દબાતો જાય છે. અને આ કૃત્રિમ હાઉને દૂર કરવો જ પડશે. એક શિક્ષક તરીકે ખૂબ જવાબદારીથી કહું છું કે, બોર્ડનાં વર્ષો દરમ્યાન અને બોર્ડની પરીક્ષા દરમ્યાન સમજાતું જ નથી કે પરીક્ષા કોની છે વિધાર્થીની કે વાલીની ? બોર્ડ પરીક્ષાનાં કેન્દ્રો પર એક બાળકને મૂકવા માટે સરેરાશ બે વાલી આવે છે અને અહીથી પટતું નથી ત્રણ કલાક સુધી ત્યાં જ ઉભા રહી બાળક આવવાની રાહ જુએ છે. આ તો એવું થયું કે ઘરમાં કોઇ ઘૂસી ન જાય તે માટે તાળું મારવામાં આવે જે યોગ્ય છે પણ આ તો તાળું મારીને પણ પગથીયા પર બેસી રેહવા જેવું થયું જે અયોગ્ય છે. દરેક બાળકની દૃશ્ય ક્ષમતાં, શ્રાવ્ય ક્ષમતાં , સમજ ક્ષમતાં અલગ-અલગ હોય છે. આ બાબત આપણે કેમ સ્વિકારી નથી લેતાં? બીજાનું બાળક ઇંગ્લીશ મીડિયમમાં જાય છે એટલે મારું બાળક પણ ઇંગ્લીશ મીડિયમમાં જ જવું જોઇએ, આ કયાંની વાત છે? હું વાલીઓને ખૂબ સભાનતા પૂર્વક કહું છું કે, તમારે તમારા બાળકને વેગવંતુ અને શૈક્ષણિક રીતે આગળ દોડતું જોવું હોય તો સરળ ઉપાય છે તમે એનાં ખભા પરથી ઉતરી જાવ. તમારું બાળક તમારા ભારથી જ શિક્ષણમાં દોડી નથી શકતું.

દરવર્ષે ભારતમાં લગભગ ૨ ટકા વિધાર્થી વર્ગ આત્મહત્યા કરે છે, એનું મહત્વનું કારણ ભારવાળુ શિક્ષણ અને વાલીઓનું વિધાર્થીઓ પ્રત્યેનું વધારે ટકા લાવવાનું અયોગ્ય દબાણ છે. બાળકને શિક્ષણ મેળવવાં માટેનું મૂકત અને સ્વસ્થ વાતાવરણ પુરું પાડવામાં આવે તો આ બાળક શૈક્ષણિક જગતમાં સિદ્ધિઓની હરણફાળ ભરી શકે. બાળકનાં ટકા ઓછા આવવાથી એનુ જીવન બગડી જતું નથી, ટકાવારી નીચી આવવાથી તે નકામો બની જતો નથી આ બાબત આપણે સહુ જેટલા વહેલાં સમજી જઇએ એ આપણા અને બાળકના હિતમાં જ છે. ધોરણ દસ અને બારની બોર્ડની પરીક્ષા જીવનની સફળતા કે નિષ્ફળતા નક્કિ ન કરી શકે. જાપાનમાં પરીક્ષા પહેલાં બાળકોના માતાપિતાને શાળાના આચાર્યએ એક પત્ર લખ્યો જેનો આપ

સમક્ષ ગુજરાતી અનુવાદ રજૂ કરું છું.
પ્રતિ,
વ્હાલા વાલી મિત્રો,

મને ખબર છે તમે તમારા બાળકનાં પરીક્ષા અંગેનાં પ્રદર્શન માટે ખુબ ચિંતિત હશો. પરંતુ સર્વે વાલી મિત્રો એક વાત યાદ રાખજો એમનું ભવિષ્ય સુધારવાની લ્હાયમાં એનું અને તમારું વર્તમાન વેડફશો નહિ.

એક બાબત બરાબર સમજજો...

આ દરેક પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓમાનાં ... :

કેટલાક ભવિષ્યનાં સારા કલાકાર હશે જેણે ગણિત શીખવાની કોઇ જરૂર નથી.

:: આમાં કેટલાક ભવિષ્યની પેઢીઓનાં સભ્યો કે પદાધિકારીઓ પણ હશે જ. જેણે ઇતિહાસ કે સાહિત્ય સમજવાની જરૂર નથી.

::આમાના કેટલાક મહાન સંગીતકારો હશે જેને વિજ્ઞાનનાં ગુણની આવશ્યકતા નથી.

::કેટલાક સારા રમતવીરો હશે જેમને આ બધા જ વિષયોની કોઇ જરૂર નથી. તેમના માટે ફકત ફીટનેસ પુરતી છે.

જો તમારું બાળક સારા માર્ક્સ લાવે તો એ બહું જ સારી બાબત છે. પણ જો નથી લાવતો તો બાળક અને તેનાં સ્વાભિમાનનું અપમાન કરી તેનો આત્મવિશ્વાસને ઠેસ પહોચાડશો નહી. જો તે સારા માર્ક્સ લાવી ન શકે તો તેને હિમ્મત આપજો અને કહેજો કે, આ તો એક સામાન્ય પરીક્ષા છે, જીવનની પૂર્ણાહુતિ નથી. ખારો જન્મ તો આના કરતાં કંઇક વિશેષ મહાનકાર્ય કરવા માટે થયો છે. જો તે ઓછા માર્ક્સ લાવે તો તેને કહી દો કે તું અમારો વ્હાલો દીકરો કે દીકરી છે અને અમે તને ખૂબ જ પ્રેમ કરીએ છીએ. તમે જો આટલુ કરશો તો તમારું બાળક દુનિયા જીતી લેશે.યાદ રાખો ૧૦૦ માર્ક્સનાં પેપરથી તમારાં બાળકનું ટેલેન્ટ કયારેય નક્કિ ન થઇ શકે. તમે બાળકને એક સારા માણસ બનવાની શિક્ષા આપજો. એને હુનર શીખવજો. હુનર હશે તો એને માલિક બનતાં વાર ન લાગશે.

લ. આચાર્ય.

આમ, વાલી મિત્રો, આ તમારા બાળકનાં જીવનની અંતિમ પરીક્ષા નથી. માર્ક્સ ઓછા આવવાથી કે ફેઇલ થઇ જવાથી એનાં જીવનનો અંત નથી આવી જતો. અને એનાં જીવનનું કે જીવનની સફળતાનું એ અંતિમ પ્રકરણ નથી. દુનિયામાં આજેય એવા વ્યકિતઓ છે જે પડીને ઉભા થયાં છે.

ઉદાહરણ સ્વરૂપે..

અમિતાભ બચ્ચન કે જેમણે દૂરદર્શન કેન્દ્ર ઇલાહાબાદ ખાતે એક એન્કર તરીકે અરજી કરી અને રિજેકટ થયાં. એમને કેહવામાં આવ્યું કે આવો ઘેરો અને ઘૂઘરો અવાજ એન્કર માટે ન ચાલે. એમને કાઢી મૂકવામાં આવ્યાં. અને પિતા કોણ?એક નામાંકિત કવિ હરિવંશરાય બચ્ચન. પણ અમિતાભે હિમ્મત ન હારતા ચા પીતા-પીતા એવો નિર્ધાર કર્યો જે અવાજનાં કારણે રિજેકટ થયો છું એ જ અવાજથી હવે દૂનિયાને ઉંધી ચટી ન કરું તો હુંય અમિતાભ નહિ. આજે જોઇ લ્યો કે તે ફિલ્મ જગતનો લેજન્ડ છે. જે સરકારે એને રિજેકટ કર્યા એણે જ એમને પદ્મ વિભૂષણ અને લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી પણ નવાજવાં પડયા.

..દસમાં ધોરણમાં ફેઇલ થનાર સચીન તેંડુલકર નો દસમાંની અંગ્રેજીની ચોપડીમાં પાઠ આવે છે,

-ધ અચિવમેન્ટ ઓફ સચીન

..ગજવે એક દસ રૂપીયા લઇને મુંબઇ આવનાર આજે ભારતીય ધનિકોની હરોળમાં સૌથી પ્રથમ છે. ધીરૂભાઇ અંબાણી એન્ડ ગૃપ ઓફ રીલાયંસ.

. પાંચમા ધોરણ સુધી અભ્યાસ કરનાર આજે ભારતની કોયલ(સૂરસમ્રાજ્ઞી)છે,લતા મંગેશકર.

.. ચાલીસ વર્ષ પૂર્વે જયારે સંદેશા વ્યવહારનો વિકાસ થયો ન હતો કે માધ્યમો વધું ચલણમાં ન હતા ત્યારે એક વિધાર્થી જેનો પરિણામનો દિવસ છે. બાળક પિતાને કહે છે કે, આજે પરિણામ આવવાનું છે તમે મારી જોડે આવજો. પિતા જવાબ આપે છે બેટા આજે મારી મિટિંગ છે હું મોડેથી આવું ત્યારે તારું પરિણામ પણ લેતો આવીશ અને આજે



Scanned with CamScanner

ડિનર બહાર કરીશું. પિતા આવું કહી ચાલ્યા જાય છે. સાંજે મોડા આવે છે બાળક રિઝલ્ટનું પૂછે છે. પિતા કહે છે હું લાવ્યો છું. બાળક જોવાની હઠ કરે છે. પિતા જવાબમાં કહે છે કે, પહેલાં પાર્ટી પછી પરિણામ. બાળક વિચારે છે કે પરિણામ સારું આવ્યું છે એટલે પિતા પાર્ટીનાં મૂડમાં છે. એક સારી રેસ્ટોરામાં ડિનર લેવાય છે. બાળક રિઝલ્ટ જોવાં માટે આતુર છે. પિતાને રિઝલ્ટ બતાવવા હઠાગ્રહ કરે છે.પિતા રિઝલ્ટ બાળકનાં હાથમાં મૂકે છે.બાળક જૂએ છે તો આ શું? ત્રણ વિષયમાં ફેઇલ! બાળક પિતાની સામે જોતાં કહે છે પપ્પા હું તો ફેઇલ થઇ ગયો છું જે તમે જાણો છો છતાં તમે પાર્ટી આપી! આવું શા માટે કર્યું ? પિતા બાળકને માથે હાથ ફેરવતાં જવાબ વાળ્યો કે, બેટા તું મારો દીકરો છે અને હું તને ચાહું છું. તારા ફેઇલ થઇ જવાથી તું મારો દીકરો મટી જતો નથી. જો તારી સફળતા -માં મારી તાળી હોય તો તારી નિષ્ફળતામાં પણ મારો ટેકો હોય જ. જેમ સફળતાને ઉજવીએ છીએ ને તેમ નિષ્ફળતાને પણ આપણે ઉજવતાં શીખીએ. ત્યારે બાળક અશ્રૃભિની આંખે અને રડમશ અવાજે પિતાને કહે છે કે, આ મારી નિષ્ફળતાનો છેલ્લો અવસર છે હવે પછી હું જીવનમાં કયારેય તમને નિરાશ નહિ કરુ. અને આજે એ અભિનય (એકટીંગ) ક્ષેત્રે મોખરે છે. ખુદ એક એકટર છે; એકટીંગ એકેડેમી ચલાવે છે અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીના ૮૦ ટકા એકટરો ત્યાં એકટીંગ શીખીને આવે છે. એ શીખવનાર કોઇ બીજુ નહી ફીલ્મ અભીનેતા અનુપમ ખૈર. આજે એની સફળતાથી આપણે સહૂ વાકેફ છીએ જ. અને વિધાર્થી વર્ગ આ બાબતને પોતાનાં પક્ષમાં ન સમજે. આ બધી તમને બચાવવાની પ્રયુક્તિ નથી. તમે પણ તમારા સમકક્ષનાં ઉદાહરણો સાંભળો. તમને હરવકત શિકાયત રહે છે ને કે આમ નથી કરતા, પપ્પા આ નથી લાવી આપતા તો તેવા અધૂરપ અનુભવનારા વિધાર્થીઓ પણ કાન ખોલીને સાંભળી લે. જેમને સેનીટેશનની સુવિધાઓનો બહુ મોહ છે કે આ સુવિધા ન હોય તો અભ્યાસ ન થઇ શકે તો તેવા વિધાર્થી ધ્યાન આપે.

◦ સવારમાં છાપું વેચી વગર ચપ્પલે શાળામાં જનાર દેશનો મીસાઇલમેન ડૉ.અબ્દુલ કલામ બની શકે.

◦ ઘરમાં વીજળી ન હોવાને કારણે સ્ટ્રીટ લાઇટ નીચે બેસી અભ્યાસ કરનાર અબ્રાહમ લીંકન બની શકે.

◦ મૌર્યવંશનો ભરવાડ ચંદ્રગુપ્ત મૌર્ય બની શકે.

..એપ્પલ કંપનીમાં કામ કરનારો એક સામાન્ય કર્મચારી સ્ટીવ જોબ્સ એપ્પલનો માલીક બની શકે.

◦ રાજકોટનો એક સામાન્ય ગામડાનો અને પાછું ગામડાની શાળામાં ભણેલો સાઇરામ દવે ઇન્ટર નેશનલ મ્યુઝિક ફૉક આરટીસ્ટ બની શકે અને સારો વકતા બની શકે ને દુનિયાનાં 32 જેટલાં દેશોમાં પોતાનાં પ્રોગ્રામ્સ કરી શકે.

◦ પાલનપુરનો એક ગરીબ બ્રાહમણનો છોકરો સંજય રાવલ સારો બિઝનેસમેન અને સાથે તે વિખ્યાત વકતા બની શકે.

◦ મધ્ય પ્રદેશનાં ગરીબ મા બાપનો મુસ્લીમ પરીવારનો દીકરો આઇ. એ. એસ. ઓફિસર - બની શકે.

◦ આજે અમીતાભ બચ્ચન એના એજ અવાજને કારણે ફેમસ છે જે અવાજ માટે એને રેડીયો સ્ટેશનમાથી કાઢી મુકવામાં આવ્યાં હતાં.

◦ વર્ષો પહેલાંની આ વાત છે. એક છોકરો રોજ સવારે શાળામાં જાય અને દરરોજ થપકો ખાઇ ઘરે આવે. દરરોજ આવીને ઘરે રડે. બીજી બાજુ શાળાનાં શિક્ષકો રોજબીજા વિધાર્થીઓ જોડે ઘરે કઇક ને કઇક ફરિયાદ મોકલે. હવે, એક તરફ શિક્ષકોની ફરિયાદ અને બીજી તરફ છોકરાનું રૂદન. એક માતા તો માટે બંને બાબતો અસહ્ય હતી. પિતા તો હતાં નહી. એક માતા કરી કરીને પણ



Scanned with CamScanner

શું કરી શકે?

અને હદ તો ત્યારે થઇ ગઇ જયારે સ્કૂલ ઓથોરીટિઝ ધ્વારા બાળકની માતાને શાળાએ બોલાવવામાં આવ્યાં.બાળકને બહાર ઉભા રાખી માતાને જણાવવામાં આવ્યું કે, અમે તમારા આ બાળકને ભણાવી શકીએ એમ નથી. તમે તમારાં બાળકને ઘરે લઇ જઇ શકો. આટલું કહી આ બાળકને તે શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો. જતાં-જતાં શાળાનાં આચાર્યએ માતાના હાથમાં એક નાનું પરબીડીયું પકડાવ્યું. માતા પોતાનાં બાળકને અને આચાર્યએ આપેલ પરબીડીયું લઇને ઘર તરફ ચાલી નીકળી.

ઘરે જઇને માતાએ સૌપ્રથમ કાર્ય આચાર્ય ધ્વારા અપાયેલ પેલું પરબીડીયું ખોલવાનૂં કર્યું તે ખોલતાં તેમાંથી એક કાગળ નીકળયો. માતા હજી કાગળ વાંચી જ રહી હતી કે, બાળકે માતાનાં પહેરણનો એક છેડો પકડીને પૂછી નાખ્યું કે માં, કાગળમાં શું લખ્યું છે?તે પરિસ્થિતિ પામી ગયો હતો. પૂછતી વેળા તેની આંખમાં ભીનાશ હતી જ. પણ માં એ સહજ થઇ જવાબ વાળયો કે, બેટા, આ કાગળમાં આમ લખ્યું છે કે, તમારું બાળક અસામાન્ય છે ; તે ખૂબ જ હોશિયાર છે; અમે આટલાં હોશિયાર બાળકને ભણાવી શકવા માટે સક્ષમ નથી. તમે એને ઘરે લઇ જાઓ અને એને ઘરે જ અભ્યાસ કરાવો. માતાનો આ ઉત્તર સાંભળીને બાળકનાં ચેહરા પર સ્મિત ફરકી ઉઠ્યુ. ત્યારબાદ , માં એ તે કાપલી એક જૂની અલમારીમાં મૂકી દીધી. અને બાળકને ઘરે જ ભણાવવાનું શરું કર્યું. સમય વહેતો ગયો. વર્ષો વહી ગયાં. માતાનું મૃત્યું થઇ ગયું હતું. હવે આ બાળક પ્રસિધ્ધ વૈજ્ઞાનિક બની ચૂકયો હતો. પણ એને પેલો માતાએ એ સાચવીને મૂકેલો કાગળ યાદ આવ્યો. એણે અલમારી ખોલી અને તે-કાગળ કાઢ્યુ તો તેમાં લખ્યુ હતું, જેનો સારાંશ.. તમારું બાળક ખૂબ જ થોઠ છે, ડોબો છે,એ કશું ધ્યાન આપતો નથી, અને એને કશું આવડતું નથી. તેથી આવા બાળકને અમે અમારી શાળામાં રાખવા માંગતાં નથી... એને લઇ જાવ અને ઘરે ભણાવો. આ વાંચી બાળકની આંખમાં આંસુ-આવી ગયા અને રડતાં સ્વરે તે બોલી ગયો કે, માઁ તું મને સાયન્ટીસ્ટ બનાવી ગઇ. મિત્રો, એ વૈજ્ઞાનિક કોણ ખબર છે? વિજળીનાં ગોળાનો (બલ્બનો) શોધક થોમસ આલ્વા એડીશન.તેથી ફરી કહું છું મિત્રો, હીંમત હારશો નહી; અને વાલી મિત્રો તમને કહું, માર્કશીટરૂપી ફરફરીયું જ બધું નથી. જીવન તો એનાથી પણ કંઇક વિશેષ છે. આ બાબત ભૂલશો નહી.

– પટેલ મહમદસાલેહ મકબુલહુશેન.

**...અહસનું અમલા...**

સોચું કે ગમે ઝીંદગીકો ઝીંદગીસે ઝાઇલ કરલું,
કે ગુઝર જાએગે યે લમ્હે ઇસે હુસુલ કરલું.
મેહસુસ કરના હે ખુદકો બીલકુલ કરીબસે,
પલગુઝર ગુનાહોસે તોબા ઇસ્તગફાર કરલું.
એક પલમેં મૌતકી તુર્શીસે હોશ ઉડ જાએંગે,
સંભલ જાંઉ ઔર રબસે સમજૌતા કરલું.
જીતેજી મુજે કરદેગી હલાક નાફરમાની તેરી,
સામાને સફર તો કુછ ભુલા સબક યાદ કરલું.
પેશ હોના હે મેહશરમે તુજે તેરે આમાલકે સાથ
નૂર ,
કુછ અહસનુ અમલાસે પલ્લા ભારી કરલું.

- નૂર લીંડીયાતવી...



Scanned with CamScanner

## ... અર્થપૂર્ણ જીવનની ઉજવણી ...

હુસૈન ભાયાત સાહેબ જેઓ શીટહાર્બરના ભૂતપૂર્વ શિક્ષક,અથાગ સ્વયં સેવક અને હેલીફેક્સ મુસ્લીમ સમાજના નિષ્ઠાવાન સભ્ય હતાં. તેમની અંતિમ ક્રિયા ડીજીટલ હતી અને હું મંગળવારે ઓનલાઇન ન હતો. એ એક એવા વ્યકિત હતાં જેમણે આ શહેરને સંપુર્ણ ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિથી પરિચિત કરાવવાનાં અથાગ પ્રયાસો કર્યા.

શીરીન અહમદ કે જે તેમને ખૂબ માન સન્માન આપતા અને ખૂબ નજીકથી જાણતા અનેસમજતા હતાં. અને તેમને બાબુ અંકલનાં નામથી સંબોધતા હતા. તેણીએ જ આ બાબતે એમનાં વિશે વિશેષ માહિતિ આપી. તેમની દુઃખદ અંતિમવિધિ ઝૂમ ખાતે યોજાઇ હતી.જેમાં આસપાસનાં ૧૦૦ જેટલાં ભારતીયોએહાજર રહી તેમને માનપૂર્વક શ્રધ્ધાંજલી પણ અર્પણ કરી હતી. તેમનું મૃત્યુ કોવિડ-૧૯ (કોરોના વાઇરસ)ને લીધે થયું હતું.

ટોરન્ટોનાં એક લેખક જેમનું નામ અહમદ છે. તેઓ લેખક ઉપરાંત સ્પોર્ટ્સ એકટીવીસ્ટ પણ છે. રમત - ગમત સાથે પણ સંકળાયેલા છે. તેમણે મને અંતિમ સમયે લોકોનું દુઃખ અને ચહેરા પરની પીડા કહી સંભળાવી.

શીરીન અહમદે પણ જણાવ્યું કે તેમનો પૂત્ર મહંમદ પણ તેમને જોવાં માટે હોસ્પિટલનાં પાર્કિંગ લોટ સુધી જ પહોચી શકયો. આગળન જઇ શકયો જયાં એનાં ફાધર મૃત્યુ પામ્યા હતાં.તે કહે છે, કે તેણે જોયું કે ત્યાનું દ્રશ્ય કેટલું ગમગીન હતું અને તેણે કહ્યું કે, કઇ રીતે ભાયાત સાહેબે નોવા સ્કોટીયામાં સ્થળાંતર કર્યુ. ને આ સ્થળાંતરતેમણે પરિવારનાં સુખદ જીવન માટે નહોતું કર્યુ, પરંતુ એક વધુ સારું વિશ્વ અને સારૂ વિશ્વ પ્રસ્થાપિત કરવા માટેની શ્રેષ્ઠ તકોનું સર્જન કેવી રીતે કરી શકાય તે એમનાં વિચારોનાં કેન્દ્રસ્થાને હતું. આપ સાહેબ સુંદર સ્મિત,જીજ્ઞાસુ દિમાગ સૂવર્ણ હૃદયના માલિક હતાં. સાચા અર્થમાં સદગૃહસ્થ હતા.

તેમની અંતિમ ક્રિયા પછી તરત જ અહમદે ટવીટ્ કર્યુ કે, જયારે તમે એક નાનકડા સ્થળાંતરિત સમાજમાંથી આવતા હોવ ત્યારે આવા વડિલો જ તમારા માતા-પિતા સમાન હોઇ છે અને તમારાં જીવનનાં આધાર સ્તંભ સમાન હોય છે. તે તમારી સ્મૃતિઓમાં તરતા રહે છે. હંમેશા તમારા જીવનનાં અનુભવો સાથે સંકળાયેલા રહે છે. અને આવા વ્યકિતઓ જયારે અચાનક તમારી વચ્ચેથી વિદાય લે છે ત્યારે તમે એમને ખુબ મીસ કરો છો. અને તે તમારા માનસપટ પર સદા છવાઇ જાય છે. તમારા સંસ્મરણોમાં રહી જાય છે. અને તેમની ખોટ પીડા આપનારી હોય છે.

શીરીન અહમદે તેમનાં જ ટવીટ્ર અકાઉન્ટમાં એક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે કે કેવી રીતે તેણીના સીબીસી કારોબારી પિતા દોડતાં દોડતાં દુકાનની બહાર આવ્યાં. પરંતુ બુધવારે તેણીએ સ્ટોર સાથે સંકળાયેલી બીજી ઘણી બધી સ્મૃતિઓ અને અનેક સંસ્મરણો વિશે ચર્ચા કરી છે. તેણી કહે છે કે,તેણી અને તેણીના મમ્મી ઘણીવાર સાથે કોફીશોપની મુલાકાત લેતાં.વાત આગળ વધારતા તેણીએ કહ્યુ કે,સ્થળાંતર કરીને આવતાં લોકો માટે આવા સ્થળો ખુબ જ જટીલ હોય છે. શિક્ષક તરીકે નિવૃત થયા પછી ભાયાત કપલ સ્ટોર વેચીને મિસીસાગા જતા રહયા, જયાં તેમની પૂત્રી ઝરીના રહેતી હતી.

અંતિમ ક્રિયા સમયે તેમનાં પૂત્રએ કહ્યું કે, તે પોતે ફાધર (ભાયાત સાહેબ) ધ્વારા કરવામાં આવેલાં સદ્‌કાર્યો વિશે સાંભળી સ્તબ્ધ બની ગયો. તેની ગણતરી મુજબ ભાયાત સાહેબ વિવિધ ૭૨ પ્રોજેકટ્સ સાથે સંકળાયેલા હતા. જેમાં દવાખાના, સ્કૂલ્સ, સ્વચ્છ પાણીની વિવિધ યોજનાઓ વગેરેનો સમાવેશ થાય છે. ભાયાત સાહેબને આઇ.સી.યુ. માં લઇ ગયા ત્યાર પછી હોસ્પિટલ મેનેજમેન્ટને તેમની સ્થિતિ અને તબીયતના પ્રસાર માટે કમ્યુનિકેશન ટ્રીનો ઉપયોગ કરવો પડયો. એમને કોણ દોષ આપી શકે ?

તેમને હોસ્પિટલ લાવ્યા પછી થોડા જ સમયમાં નર્સીંગ સ્ટેવાન પર રહેલી નર્સે જયારે ફોન ચેક કર્યો તો ૯૨ જેટલાં મિસ્ડકોલ્સ આવી ગયા હતાં જેઓ તેમની તબીયત વિશે જાણવા માંગતા હતા.

- જહોન ડીમોન્ટ

(કતાર લેખક- ધ ક્રોનિકલ હેરાલ્ડ)

**એક રોશન ચમકદાર આફતાબ ગુરૂબ હો ગયા,**<br>
**કયૂંકર હોગી પૂર હમસે યે કમી આપકી.**<br>
**એક ઇલ્તીજા ખૂદાસે બસ કરતા હૈ નૂર, દરબારે**<br>
**આલીમેભી ફિરદૌસ મુન્તઝીર હો આપકી.**



Scanned with CamScanner

# દેશ - વિદેશના સમાચાર

## રાંદેર

**ખુશ આમદીદ (જન્મ):-** ઇલ્યાસ આઝમ સાલેહભાઇ ને ત્યાં છોકરીનો જન્મ નામ આશીયા તથા મો.સલમાન આઝમ આઝમને ત્યાં છોકરાનો જન્મ નામ હામીદ રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફાતેમાબીબી-મોહંમદ સાલેહ ભામની છોકરી (મુન્નીબેન) નો દુબઇ ખાતે,હાજરાબીબી-ઇસ્માઇલ ઇસુફ ઇસ્માઇલની છોકરી તે ઇબ્રાહીમ કાસમ નાખુદાની ઔરતનો લંડન ખાતે,ઇસ્માઇલ અલી આરેફનો ઓસ્ટ્રેલીયા ખાતે,યાહયા ફારૂક પટેલનો તથા સલમાબીબી (શેહનાઝ)-યુસુફ ભરૂચાની છોકરી તે યુસુફ કાસમ મુલ્લાંની ઔરતનો કરાંચી ખાતે, ઇબ્રાહીમ હાસીમ ઇસ્માઇલનો યુ.કે.ખાતે,મેમુનાબીબી -ઇસ્માઇલ અહમદ હાંસ્યાની છોકરી તે માહમુદભાઇ પટેલની ઔરતનો,હાજી કાસમ મોહંમદ અશરફ (કાસુભાઇ), અબુબકર અલી મદારી, અલી મોહંમદ બપોરીયા, આયશાબીબી (રૂકશાના) કાસમ ભરૂચા, બિલ્કીસબીબી-માહમુદ મદારીની છોકરી, મોહંમદ ઇસ્માઇલ મમુન,અસ્માબીબી-ઇસ્માઇલ હાંસ્યાની છોકરી (હાજીબીબી),હવાબીબી-ગુલામ મોહંમદ ભામની છોકરી,ઇબ્રાહીમ આરેફ ભામ,અમીનાબીબી -મોહંમદ ભામજીની છોકરી,ઝુબેદાબીબી-અ.રહીમ મુરાદની છોકરી,મરીયમબીબી તે ઇસ્માઇલ ગુલામ ભામની ઔરત, સારાબીબી-હાસમ ભરૂચાની છોકરી તે અહમદ કાસમ ભામની ઔરત તથા અ.બાસીત કાસીમ સાલેહનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** મરીયમબીબી મોહંમદ પીપરડી વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.


**ફલેટ વેચવાનો છે**

**બારડોલીમાં ફલેટ વેચવાનો છે.**

૧ બેડ રૂમ (લાર્જ સાઇઝ), કીચન, ટોઇલેટ, બાથરૂમ, સીટીંગરૂમ તેમજ બાલ્કની

લીનીયર બસ સ્ટેન્ડથી પાંચ મીનીટના અંતરે ગાંધી રોડ અને આશીયાના કોર્નર પર

ફાતમા ટાવર, બીજા માળે

**:: સંપર્ક કરો ::**

99256 74215

WHATS APP

+ 01 9056727784

જા. X ખ

*મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર*

અનેક જાતની વેરાઇટીઝ, લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

*-:: શો રૂમનું સરનામું ::-*

**આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ**

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ, બાટા શુઝની સામે,ભરૂચ

ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪

મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

જા. X ખ

## ઇટાળવા

**શાદી મંગણી:-** મૌ.ઉનેસ ફારૂક એકલેરીયાની શાદી કછોલી મુકામે સાદીયા શૌકત હાફેજી સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફાતેમા ઇસ્માઇલ મહેતરનો યુ.કે.ખાતે ઇન્તેકાલ થયો છે.

**પરદેશથી આગમન:-** હાજી મોહંમદ મુસા હાફેજી એમની અહેલીયા છોટીબહેન સાથે તથા ઐયુબ મુસા હાફેજી એમની અહેલીયા ફાતેમાબહેન સાથે યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** અહમદ ઇબ્રાહીમ સીદાત એમની અહેલીયા ફાતેમાબહેન સાથે,હાજી અ.હક જબ્બાર એમની અહેલીયા સાથે યુ.કે.પરત,ઇરફાન અ.ગની હાફેજી,ઇસ્હાક અ.ગની હાફેજી તથા તલ્હા ઇદ્રીસ પટેલ પનામા ગયા છે.

## કાપોદરા

**શાદી મંગણી:-** અનીશ ઇબ્રાહીમ પાંડોરની શાદી કરંજ મુકામે થઇ છે.

**પરદેશ ગમન:-** સલીમભાઇ સીદાત ફેમિલી સાથે કેનેડા ગયા છે.

## રવિદરા

**શાદી મંગણી:-** ફારૂક મોહંમદ સીદયોત (ઝાંઝી)ની શાદી સુમૈયા ઇલ્યાસ મુલ્લા સાથે તથા આસીફ હાસીમ મોહતાજની શાદી લુવારા મુકામે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** ફૈઝલ ફારૂક સીદયોતને ત્યાં કેનેડા ખાતે છોકરીનો જન્મ નામ નુસેબા,હાફીઝ નદીમ અનવર વડીઆને ત્યાં છોકરાનો જન્મ નામ અબ્દુલ્લાહ તથા ઇરફાન (લાલગોરો) અચ્છાને ત્યાં છોકરીનો જન્મ નામ ફાયઝા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ફાતમા આદમ લીંબાડા (દુકાનદાર) તથા ઝુલેખા ઐયુબ નોરાત (મહેરબાન) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** સુલેમાન ઇસ્માઇલ વડીયા સાઉદી અરેબીયાથી,મુસા સુલેમાન ભારૂચી સા.આફ્રિકાની મુલાકાત લઇ વતન પરત, સુહેલ અ.હમીદ મમુજી તથા જહાંગીર ફરીદ પટેલ મોરીશયસની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** વસીમ યુસુફ ભૈયાત,ઇસ્માઇલ ઇબ્રાહીમ સીદયોત(ઝાંઝી)ફેમિલી સાથે, મૌ.ઇબ્રાહીમ યુસુફ લુલાત ફેમિલી સાથે,સીરાજ ઇબ્રાહીમ પટેલ,મઆઝ સીરાજ પટેલ કેનેડા પરત, ઇબ્રાહીમ(બાબુ)આદમ ગંગાત દમામ પરત,આસીફ સઇદ હાફેજી,યાકુબ ઇબ્રાહીમ મોહતાજ યુ.કે.પરત, ઉસામા સીરાજ માસ્તર મલાવી પરત,મરીયમ સાજીદ વેડછીયા બોટસ્વાના પરત,અનસ સુલેમાન વડીયા સાઉદી અરેબીયા પરત,ઝહીર ઇલ્યાસ પટેલ ફેમિલી સાથે ઝામ્બીયા,અરશદ મૌ.બાબુ ચલકી સા.આફ્રિકા પરત તથા હાજરા સમદ હાંસલોદ અમેરીકાની શુભેચ્છા મુલાકાતે ગયા છે.

## જોગવાડ

**શાદી મંગણી:-** રૂમાના અહમદ માંકડાની શાદી ભોરીયા મુકામે તલ્હા સાથે, મોહંમદ ફુલતની શાદી બારોલીયા મુકામે સલમા સાથે તથા હનીફ સઇદ દેશાઇની શાદી આસણા મુકામે થઇ છે.

**પરદેશથી આગમન:-** હાજી યુસુફ અસ્વાત,હાફેઝ શફી અસ્વાત,આદમભાઇ પટેલ તથા હવાંબહેન અસ્વાત યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** સઇદ અહમદ યુસુફ પટેલ તથા સઇદ મીયા અહમદ પટેલ વતનની ટુંકી મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.


**હવે અમારી દુકાનમાં અવશ્ય**

(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com

કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
**હજ માટે એહરામનું કાપડ, ટુવાલ અને બેલ્ટ મળશે.**
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ આપને લાભદાયી થશે.

સ્થાપના : ૧૯૭૮
લિબાસ

૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઈન રોડ, સુરત-૩. (ગુજરાત-ઈન્ડિયા)

## વરીયાવ

**શાદી મંગણી:-** કાસીમ (આસીફ) ઇસ્માઇલ (ગલફામ) મપારાની દુખ્તર નીખતની મંગણી યુસુફ હારૂન મુલ્લા ખોલવડવાલા સાથે,દાઉદ (એહસાસ) સોયબ (છોટુભાઇ) મપારાના નિકાહ તડકે□ર મુકામે સાજીયા સાદીક દેસાઇ સાથે તથા તલ્હા યાકુબ ઇસ્માઇલ (છોટુ) મણીની મંગણી હફસા (અફી) મોહંમદની દીકરી ફાતેમા (મોરીયા) સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** ઇબ્રાહીમ (ખલીલ) મોહંમદ (ભાઇ) મપારાને ત્યાં છોકરાનો જન્મ નામ યાસીન,જાવિદ દાવુદ મીયાં ને ત્યાં છોકરાનો જન્મ નામ મોહંમદ,મુસા (મોહસીન) ચાહચા (અન્નુ)આટીયાને ત્યાં પેરીસ ખાતે છોકરીનો જન્મ નામ આયત,મુસા અનવર દાવજીને ત્યાં છોકરાનો જન્મ નામ,ઇબ્રાહીમ (ગોરા) ભાઇમીઆંની છોકરી શબનમ ઇરફાન મોલવીને જુડવા છોકરીઓ થઇ છે નામ ઇકરા તથા ઇફરા,મોહંમદ (આદિલ) ઉસ્માન (જાવિદ) મમુનને ત્યાં છોકરાનો જન્મ નામ અ.રહેમાન રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** બીલાલ ઐયુબ ભાઇમીઆં, અનવર ઇસ્માઇલજી ઇસ્માઇલભાઇ આખુન, બાબુભાઇ માયત,બીલાલ ઇબ્રાહીમ ઇસ્માઇલજીનો યુ.કે.ખાતે,અનવરભાઇ પટેલનો ઢાંકા ખાતે,અહમદ ઇસ્માઇલ કડવા,ઇબ્રાહીમ ઇસ્માઇલ કડવા,અહમદ ગુલામ કાકાની ઔરતનો,ખતીજા સુલેમાન મઘાનો કરાંચી ખાતે,દાઉદ મોજીનો યુ.એસ.એ.ખાતે, ઇબ્રાહીમ ખલીલ મોહંમદ મપારાની અહેલીયા શહેનાઝબહેનનો તથા અ.રહેમાન મોહંમદ (બાબુભાઇ) મમુનનો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે.(ઇ.લી.) મર્હુમ વરીયાવ સુ.વ.જમાઅત, મસ્જીદો, કબ્રસ્તાન, મે.નુ. ઇસ્લામના ટ્રસ્ટી તરીકે છેવટ સુધી ખીદમત આપી હતી.અલ્લાહપાક મર્હુમની મગફીરત ફરમાવે. આમીન.

**પરદેશથી આગમન:-**સુલેમાન (ફીરોજ) ઇસ્માઇલ

## બાટલી - યુ.કે.

રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા

**ઇન્તેકાલે પુરમલાલ:-** મહમદ હુશેન જીવા બદાત ડુંગરીવાલાનો તથા ઇસ્માઇલ હાસીમ ગોરા ડાભેલવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**આગમન:-** અહમદ દાવુદ પાંડોર તથા ઇસ્માઇલ દાઉદ પાંડોર ફેમિલી સાથે સીમલક-ઇન્ડિયા ગયા હતા અને ત્યાંથી ઉમરાહ કરીને પરત આવ્યા છે. જાણીતા લેખક અને શાયર અહમદભાઇ યુસુફ લુણાત (ગુલ),સલીમભાઇ યુસુફ લુણાત (જે.પી.) ફેમિલી સાથે તથા યુસુફભાઇ મોહંમદ કરોલીયા અને નુરજહાંબહેન કરોલીયા આલીપોર-ઇન્ડિયા જઇ પરત,મહમદી અહમદ મોતાલા અડદા-ઇન્ડિયા જઇ પરત આવ્યા છે.

**ગમન:-** શબ્બીરભાઇ મુસેજી કાજી વતનની મુલાકાત માટે લાજપોર ઇન્ડિયા ગયા છે.

**જઝાકુમુલ્લાહ:-** આલીપોરના પાર્ટ બ્રો ફેમિલી ટ્રસ્ટ તરફથી ૩૦૦ પાઉન્ડ બેવાફંડ માટે ઝકાતના મળ્યા છે.(૨) અહમદ સુલેમાન પટેલ સા.તથા આયશા અહમદ પટેલ અંભેટાવાલા તરફથી ૧૦૦ પાઉન્ડ ઝકાતના મળ્યા છે.

## ડયુઝબરી

**જઝાકુમુલ્લાહ:-** ઇબ્રાહીમ અહમદ માકડા સા.ભોરીયાવાલા તરફથી ૨૦૦ પાઉન્ડ ઝકાતના મળ્યા છે.

કોલા ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત તથા તાહેરા અહમદ (મુન્ના) ભાઇમીઆં યુ.કે.ની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** ઐયુબ (જાની) ભામ ફેમિલી સાથે, આમીર મેહમુદ (નાસીર) મપારા ફેમિલી સાથે,દાઉદ (એહસાસ) સોયબ (છોટુભાઇ) મપારા,સબીહા યાકુબ આટીયા તથા મેહમુદ (નાસીર) દાઉદ મપારા ફેમિલી સાથે વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

## વેસ્માં

**શાદી મંગણી:-** અબ્દુલ્લાહ હસન પટેલની શાદી કઠોદરા મુકામે અસ્મા કાસમ પટેલ સાથે થઇ છે.

**પરદેશથી આગમન:-** રાબીયા ઇસ્માઇલ પટેલ તથા હાસીમ મોહંમદ પટેલ યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

## વાડાગામ

**શાદી મંગણી:-** ઇસ્માઇલ ઇબ્રાહીમ મહેતરની શાદી શાકેરા અ.સલામ પટેલ સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** મેમુના મૌ.સુલેમાન પટેલનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** ઇબ્રાહીમભાઇ પટેલ યુ.કે.થી,અ.સલામ યુસુફ વરીયાવા એમના બહેન આઇશાબહેન સાથે ઉમરાહ કરી વતન પરત,શાહેદા ઇબ્રાહીમ પટેલ,હલીમા સુલેમાન પટેલ,આબેદા અહમદ વરીયાવા તથા મહમદ શબ્બીર કાસુજી કેનેડાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** ઇસ્માઇલ અ.હૈય પટેલ,ઝુબેદા અ.સમદ વરીયાવા,ઐયુબ અબ્દુલ પટેલ ખતીજા ઇબ્રાહીમ વરીયાવા તથા ખતીજા હાજી સઇદભાઇ પટેલ કેનેડા ગયા છે.

## ભાદી

**શાદી મંગણી:-** મૌ.મોહંમદભાઇ ફેન્સી અદાતની શાદી દિણોદ મુકામે નસીમાગોરી અ.સમદ ભૈયાત સાથે,સિકંદર સુલેમાન ઘોરાતની શાદી નવાગામ મુકામે,સરફરાજ સુલેમાન હાંસલોદની શાદી ખરોડ મુકામે તથા બીબી આદમ ભૈયાતની દુખ્તરની શાદી લુવારા મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** અહમદ ઇસ્માઇલ ભૈયાત ઉ.વ.૧૦૦ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** આઇશાબહેન હાફેજી જીભાઇ ઘોરાત એમની દુખ્તર હુમેરા સાથે,અહમદ ગોરા અતનની દુખ્તર ગોરી સા.આફ્રિકાથી,સીરાજ વડીઆ વેપારી ગેરેજવાલા ઝામ્બીયાથી તથા ફાતમા ગુલામ હુશેન વડીઆ (પીર) એમની દુખ્તર ઝોહરા ગોરી સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** બાબુ યુસુફ બોડી મલાવી,મૌ. યુસુફ હાજી ઇસ્માઇલ ઘોરાત સા.આફ્રિકા પરત, દાવુદભાઇ વડીઆ તથા હનીફભાઇ બોબાત વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

## કઠોર

**શાદી મંગણી:-** હવાગોરી રફીક લોખાતની શાદી વાંકાનેર મુકામે રીઝવાન તરાજીયા સાથે,ઝૈદ રફીક લોખાતની મંગણી ઝુબેર અ.રહીમ ભૈયાતની છોકરી સાથે,શાહીદ સલીમ સીદાતની મંગણી બાર્બાડોઝ મુકામે મેહમુદ લોખાતની છોકરી સાથે,ઉબેદુલ્લાહ યુસુફ રાંદેરીની મંગણી સાલેહા સલીમ રાંદેરી સાથે તથા ફાતીમા અહમદ (ગાલીબ) ઉમર ના નિકાહ કેનેડા ખાતે થયા છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** સલીમ ફારૂક (છોટા) આકુજી તથા ઇસ્માઇલ મોહંમદ દીનાથનો ઇન્તેકાલ થયો છે.(ઇ.લી.)

**પરદેશથી આગમન:-** હારૂન માંજુ,જુનેદ માંજુ,મોહમ્મદ હુશેન ઇશાક,ફરીદ ફારૂક કાઝી, મોહમ્મદ ગોરા રઝાકાઝી,મુસાજી હરીફ,યુસુફ અમલા,અ.ખાલેક અમલા,સોબાન ઇસ્માઇલ દીનાથ ફેમિલી સાથે યુ.કે.થી,આસીફ ઉસ્માન અસ્માલ (નાના),ઇસ્માઇલ ઉસ્માન અસ્માલ (નાના),ઇકબાલ અસ્માલ (ગુલ્લુ),ફારૂક સુલેમાન અસ્માલ,સહાના સલીમ સીદાત,નરગીસ યુસુફ

પારખ,અહમદભાઇ હરીફ,સલીમ ઇબ્રાહીમ સીદાત,અફઝલ જાદવત,મુસ્તાક ઐયુબ પારખ ફેમિલી સાથે,ખતીજા ઐયુબ ઇશાક,હુશૈન અહમદ અસ્માલ કેનેડાથી,ઇલ્યાસ ઇબ્રાહીમ સીદાત કુવૈતથી, અબ્દુલ કાદેર યુસુફ ઉમર ફેમિલી સાથે, વસીમ અનવર આકુજી ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત,શબ્બીર ઇબ્રાહીમ સીદાત અમેરીકાની તથા યુસુફ યાકુબ દાદાભાઇ સા.આફ્રિકાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** મેહમુદ લોખાત ફેમિલી સાથે બાર્બાડોઝ પરત,ઇમરાન અને યુસુફ માંજુ ફેમિલી સાથે,મોહંમદઅલી ચામડીયા ફેમિલી સાથે,ફુઝેલ જુનેદ ઉમર કેનેડા,મેહમુદભાઇ ઇશાક,ઇબ્રાહીમ સુલેમાન હરીફ ફેમિલી સાથે,સુફીયાન સુલેમાન ડોબા,ઐયુબ યાકુબ ડોબા ફેમિલી સાથે સા.આફ્રિકા, અમ્માર તલ્હા રાંદેરી મલાવી ગયા છે.

## હથુરણ

**શાદી મંગણી:-** આસીફ હાસીમ મોહતાતની શાદી લુવારા મુકામે તસ્લીમા પાંચભાયા સાથે તથા સાલેહા સીરાજ મુલ્લા (દાદા) ની શાદી ખરોડ મુકામે થઇ છે.

**પરદેશથી આગમન:-** મી.એન્ડ મીસીસ યુનુસ અહમદ બદાત સા.આફ્રિકાથી,હનીફભાઇ સેઢુ, મી. એન્ડ મીસીસ ઐયુબ યુસુફ લીંબાડા,ઇમરાન યાકુબજી વરડલ્યા યુ.કે.થી,મી.એન્ડ મીસીસ ઇકબાલ યુસુફ લીંબાડા પનામાથી,સાદીક સુફી મહમદ બદાત સા.આફ્રિકાથી,ગોરાભાઇ મુલ્લા તથા ઉમર ફારૂક મહમદ સુફી ભૈયાત ફેમિલી સાથે કેનેડાથી આવ્યા છે.

**પરદેશ ગમન:-** મી.એન્ડ મીસીસ બિલાલ ઇશાક ભૈયાત,સોહેલ મોહંમદ કોલ્યા,ઉવેશ અબ્દુલ બદાત, યાકુબ આદમ કોલ્યા સા.આફ્રિકા,મી.એન્ડ મીસીસ ગોરા ઐયુબ ભૈયાત,ફારૂક યાકુબ ભૈયાત,ઉસ્માન મોહંમદ કડવા યુ.કે.,રફીક યાકુબ નોરાત,મી.એન્ડ મીસીસ અબ્બાસ યુસુફ ભૈયાત કેનેડા તથા સાહીલ સુલેમાન જાંગડા ઝામ્બીયા ગયા છે.

## મોટાવરાછા

**ખુશ આમદીદ (જન્મ):-** શાકીર હુશૈન વોરાજીને ત્યાં છોકરીનો જન્મ નામ સફા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઝુલેખાબીબી અબુબકર વોરાજી ઉ.વ.આ.૯૩ તથા દાવુદ (ઇલ્યાસ) ગુલામ મોહંમદ દીનાથ ઉ.વ.આ.૬૭ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## સુરત

**ઇન્તેકાલે પુરમલાલ:-** મેમુનાબીબી ઇસ્માઇલ દરજી (છોટા દરજી) ઉ.વ.આ.૮૫ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## નાનીનરોલી

**ખુશ આમદીદ (જન્મ):-** મોહસીન ઐયુબ બદાત ને ત્યાં છોકરાનો જન્મ નામ તાઇફ રાખ્યું છે.

**પરદેશથી આગમન:-** બાબુભાઇ અહમદ જાડા સા.આફ્રિકાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

## આલુંજ

**શાદી મંગણી:-** તોસીફ યુસુફ ટોપીયાની શાદી કાપોદરા મુકામે,મૌ.અલ્તાફ સલીમ બૈયાતની શાદી ખરોડ મુકામે,ઇમરાન અ.રહીમ જોગીયાતની શાદી તડકે□ર મુકામે તથા ફેમીદા હાફીઝ અબ્બાસ લહેરીની મંગણી માંગરોલ મુકામે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** ઇરફાન રશીદ ટોપીયાને ત્યાં છોકરાનો જન્મ નામ અકીબ,મોહંમદહનીફ અબ્બાસ નોરાતને ત્યાં છોકરીનો જન્મ નામ મલીહા, જુનેદ ઇબ્રાહીમ લહેરીને ત્યાં છોકરીનો જન્મ તથા મૌ.ફૈસલ કાસમ ટોપીયાને ત્યાં છોકરીનો જન્મ નામ હબીબા રાખ્યું છે.

## ઉમરવાડા

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઇશાક દાવુદ ગંગાત નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## આંકડોદ

**શાદી મંગણી:-** નાસીર ઇબ્રાહીમ કાઝી (માસ્તર)

ની શાદી ખદીજા અકબર વડીયા સાથે,તસ્લીમા બાબુ કાઝી (માસ્તર) ની મંગણી બૌધાણ મુકામે, ઝૈનબ ઇકબાલ કાઝીની શાદી તડકેશ્વર મુકામે મોહંમદ અ.અઝીઝ પટેલ સાથે, તલ્હા મોહંમદ (ગોરા) આદમજી કાઝીની શાદી સીલુડી મુકામે સબીહા ટેકરાવાલા સાથે તથા મૌલાના મ.અમીન અ.ખાલીક કાઝીના નિકાહ તડકેશ્વર મુકામે મેહઝબીન લીંબાડા સાથે થયા છે.

**ખુશ આમદીદ (જન્મ):-** અતાઉલ્લાહ ઇકબાલ ટેકરાવાલાને ત્યાં છોકરીનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** સઇદ મહમદ કાઝી (માસ્તર) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** અલ્તાફ અ.રશીદ પટેલ કેનેડા પરત,મૌ.યાકુબ કાઝી એમની અહેલીયા સાથે તથા યુનુસ સુલેમાન કાઝી રીયુન્યન પરત, મૌ.ઇસ્માઇલ (બાબુ) ઇબ્રાહીમ કાઝી સા.આફ્રિકા પરત,સોહેલ મૌ.સાદીક કાઝી (માસ્તર) વતનની મુલાકાત લઇ ઝામ્બીયા પરત ગયા છે.

**અન્ય:-** કબ્રસ્તાનના ૩ નવા રોડનું કામ દેશ-પરદેશના ગામવાસીઓના સહકારથી પુરૂ થયું છે.

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના જોઇન્ટ સેક્રેટરી **જ. મહમદ મહમુદ ભાણા પટેલ સા.** ના ભાઇ **જનાબ મેહફુઝ ભાણા પટેલ સા** નો **એકલેરા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. યાકુબ યુસુફ મુલ્લા સા.** નો **તા.૪-૩-૨૦૨૦** ના **બુધવાર** ના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. ફરીદભાઇ ગજીયા સા.** ના વાલેદા નો **તા.૯-૩-૨૦૨૦** ના **સોમવાર** ના રોજ **બારડોલી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. સુલેમાન મોહંમદ બેમાત સા. (મુંબઇ)** નો **તા.૨૮-૨-૨૦૨૦** ના **જુમ્આ** ના રોજ **વરેઠી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. નફીસ યાકુબ મોતાલા સા.** ના વાલીદ **જનાબ યાકુબ મુસા મોતાલા સા.** નો **તા.૨૮-૨-૨૦૨૦** ના **જુમ્આ** ના રોજ **વરેઠી** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. મકબુલ હુશેન ઇસ્માઇલ પટેલ સા.** નો **તા.૬-૩-૨૦૨૦** ના **જુમ્આ** ના રોજ **લીંડીયાત** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **મોહતરમા ઝુલેખાબહેન લહેર** નો **અમેરીકા** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ.મૌ.યુસુફ બૌધાણીયા સા.** નો **કેનેડા** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.) મર્હુમે વર્ષો સુધી રાંદેર અશરફીયા મદ્રેસામાં ખીદમત આપી હતી અને કેનેડા ખાતે પણ લાંબા સમય સુધી ખિદમત આપી હતી.
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. મોહંમદ ઇસ્માઇલ મતાદાર સા.** નો **અંકલેશ્વર** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. મૌ.અ.રહીમ પટેલ સા.** નો **રવિદરા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. મૌ. યાકુબ નોરાત સા.** નો **રવિદરા** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ- બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. **આમીન**

**સોસાયટીના તમામ કાર્યકરો એમના દુ:ખમાં સહભાગી છે.**

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરત

**સ્કોલરશીપ તથા બેવાફંડ સહાય ફોર્મની જાહેરાત**

સ્કોલરશીપ ફોર્મ (ધોરણ ૧ થી કોલેજ સુધી),દિનીયાત વિભાગ તથા વિધવા સહાય ફોર્મ તારીખ ૧૦ જુન ૨૦૨૦ થી ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધી નીચે મૂજબના સ્થળેથી મેળવી શકાશે.

**સમય સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી**

(૧) ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી
સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત-૩
**ફોન: ૦૨૬૧-૨૪૨૦૦૯૭, ૨૪૨૪૪૫૮**

**સમય સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ સુધી**

(૨) એ. વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા - મહુવેજ રોડ, કોસંબા, જી.સુરત
**મોબાઇલ: ૯૬૬૨૦ ૫૩૧૦૩, ૯૮૨૫૫ ૭૭૭૮૬**

**નોંધ:** (૧) સ્કોલરશીપ ફોર્મ ભરીને રીઝલ્ટની કોપી (રીઝલ્ટ આવી ગયુ હોય તો) સાથે મુકી ફોર્મ જમા કરાવવું.
(૨) સ્કોલરશીપ ફોર્મમાં ગામના પ્રતનિધી, સોસાયટીના સભ્ય તથા ગામના આગેવાનની સહી ફરજીયાત કરાવવી.
(૩) સ્કોલરશીપ ફોર્મ પુરેપુરી વિગત ભરીને સમયસર મોકલવું.

**પ્રમુખ / સેક્રેટરી**
**ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરત**

## આપણી એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ (પોલીટેકનીક)

આથી સર્વે સુરતી સુન્ની વહોરા મુસ્લિમ વાલી- વિદ્યાર્થીઓને જણાવવાનું કે આપણી વહોરા સોસાયટી સંચાલિત એ.વાય.દાદાભાઇ પોલીટેકનીક (ડિપ્લોમા કોલેજ) કોસંબા ખાતે વર્ષ - ૨૦૨૦ માં પ્રવેશ લેવા ઇચ્છતા તમામ ઉમેદવારોએ તાત્કાલિક ધોરણે પોતાના નામ વહોરા સોસાયટી, સુરત અથવા એ.વાય.દાદાભાઇ પોલીટેકનીક (ડિપ્લોમા કોલેજ) કોસંબા ખાતે રૂબરૂ હાજર રહી અચુક નોંધાવવા.

**ધો.૧૦ પછી (S.S.C. પછી ) સંસ્થા ખાતે ચાલતા અભ્યાસ ક્રમો.**

| ક્રમ | કોર્ષનું નામ | બેઠકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનિયરીંગ | ૬૦ |
| ૨. | ડિપ્લોમા ઇન કોમ્પ્યુટર એન્જીનિયરીંગ | ૬૦ |
| ૩. | ડિપ્લોમા ઇન ઇલેકટ્રીકલ એન્જીનિયરીંગ | ૬૦ |
| ૪. | ડિપ્લોમાં ઇન મિકેનિકલ એન્જીનિયરીંગ | ૧૨૦ |
| ૫. | વોકેશન ડિપ્લોમા ઇન સોફ્ટવેર ડેવલપમેન્ટ | ૫૦ |

એસ.એસ. સી નું રીઝલ્ટ આવ્યાના તુરંત બાદ જ પ્રવેશની પ્રક્રિયા શરૂ થઇ જતી હોય આપ અવશ્ય પોતાના નામ હમણાંથી જ લખાવી દેશો.

**-: સંસ્થાનું સરનામુ :-**

**એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ,**

**જુની મરિયમબાઇ હોસ્પિટલ નજીક, કોસંબા મહુવેજ રોડ, કોસંબા**

**સંસ્થામાં પ્રવેશ માટે સંપર્ક કરો.**

**મી. અફઝલ એચ.દરસોત - મોબાઇલ નંબર:- ૯૩૭૭૮ ૮૮૬૧૪, ૮૭૮૦૬ ૩૩૪૭૩**

Reg. No. Guj./1513/Surat & F/1411/Surat
I.T. Reg. No. 12 A (a) SRT/CIT-III/Tech/038/07-08 Dt. 18-2-08

Ph.: (0261) 2432963

# SOCIAL AND EDUCATIONAL WELFARE ASSOCIATION

7/2163, RAMPURA CHHADAOLE, SURAT. (INDIA)

ESTD. 2006

## SUPPORTING THE NEEDY

Assalamu Alykum wbt.

Dear Respected donors.

**SEWA** was established almost 15 years ago, with the help of your donations and the efforts of our volunteers; the services and support we provide have grown to offer:

1. **Free Tiffin-** (Lunch & Dinner) Currently providing **110 meals** per day to poor elderly people.
2. **"Ashiana"** Old age home accommodating 3 elderly residents at present.
3. **Ramadhan Food Parcels - 850** widows and **450** poor families benefited last Ramadhan.
4. **Qarad-e- Hasana-** secured against gold jewellery.
5. **Medical Help-** Limited assistance available
6. **Educational / Vocational Guidance.**
7. **Free Notebooks-** To assist poor students and those on low incomes.

Total expenditure estimated for 2020 - 2021 is Rs. 40 Lakhs

**Please donate generously to "SEWA" with your ZAKAT, SADQAH and LILAH funds**

**Immediate requirement**

Our office and catering kitchen and storerooms are currently rented at an annual cost in excess of Rs.1 Lakh per annum. We are seeking a donor who can offer us surplus space to enable us to carry out our activities.

**:: For donations please contact ::**

Mr Harun Rashid Khandia
(President)
+ 919979200311

Mr. Ilyas M. Makda
(Secretary)
+ 919427133197

(Preston, Uk) (i) Mr.Farouk Y. Hassanjee
+ 447828796535
(ii) Mr.Arshad bhai Dadabhoy
+ 447940457280

(Leicester, Uk) Mr.Bilal bhai Simat
+ 447786023864

(Canada) Mr. Mohammed bhai Vadia
+ 14164662259

## આપણી સંસ્થાઓના, રમત - ગમત અને ગામોના અન્ય સમાચારો

**વરીયાવ**:- જુમ્મા મસ્જીદની જનરલ મિટીંગ તા.૮-૩-૨૦૨૦ ના રવિવારના રોજ મસ્જીદમાં વરીયાવ સુ.સુ.વહોરા જમાઅત તરફથી મળી હતી. હાજર રહેલા મેમ્બરોએ જુમ્મા મસ્જીદ તથા એને લગતા વકફોના ટ્રસ્ટી તરીકે જ.સલીમ (સોહેલ) ઇસ્માઇલ દાવજી,જ. અ.રહેમાન (અનીસ) દાવજી,જ.હારૂન યુસુફ મણી સા.ની નિમણૂંક કરવામાં આવી છે.આ મિટીંગ યુ.કે.થી પધારેલા જ.મેહમુદ (નાસીર) દાવુદ મપારા સા.ના પ્રમુખપદે મળી હતી.જ. અ.રહેમાન (અનીસ) દાવજી સા.એ જમાઅતના બુઝુર્ગોને સાલ ઓઢાડી પુષ્પ અર્પણ કર્યા હતા. (૨) સમાજમાં શરીઅત અને સુન્નત પ્રમાણે મૈયતને ગુસલ,કફન અને દફનાવવા પ્રત્યે જાગૃત્તા લાવવા સહી તરીકો બતાવવા ગામમાં એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાંદેરથી આલેમા સાહેબા એ આવી ઔરતના મૈયતને કઇ રીતે ગુસલ આપવું તેમ કફન પહેરાવવું વિગેરે બાબત શરીઅતની રોશનીમાં સહી સમજણ પૂરી પાડી હતી. જેમાં ગામની તેમ રાંદેરની મા-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

**આલીપોર**:- મુસ્લીમ એસોસીયેશન અને કે એન્ડબી સાર્વજનીક હાઇસ્કુલના સંયુકત ઉપક્રમે આલીપોર શાળામાં ત્રિવેણી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન મોહતરમા યાસ્મીનબેન શેખ (ડેપ્યુટી કલેકટર ભરૂચ),અતિથિ વિશેષ જ.અહમદભાઇ લુણાત (ગુલ),જ.ગુલામ ભાઇ લુણાત (સેવક),મેનેજીંગ ટ્રસ્ટી જ. સલીભાઇ પટેલ સા.,આલીપોર મુસ્લીમ એસોસીયેશન યુ.કે.ના ઉપપ્રમુખ જ.ઇસ્માઇલભાઇ પટેલ સા., આર. એફ. ઓ.નવસારીથી જ.આસીફભાઇ પઠાણ સા., જ.સલીમભાઇ ગુલ સા.,અન્ય એન.આર.આઇ. મિત્રો,ગ્રામજનો હાજર રહયા હતા.તિલાવતે કુર્આન બાદ શાળાના શિક્ષકશ્રી જીતેન્દ્ર પટેલ દ્વારા શાબ્દિક આવકાર કરી સર્વેનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનો મુખ્ય કેન્દ્રબિંદુ એવા ગુજરાતી સાહિત્યકાર જ.અહમદભાઇ લુણાત ઉર્ફે ગુલ સા. નો પરિચય શાળાના આચાર્યશ્રી સફી એમ.વ્હોરા સા.દ્વારા શેરોશાયરીના અંદાજમાં ખૂબ જ સુંદર રીતે આપવામાં આવ્યો હતો. સાથેજ યુ.કે.માં ઓ.બી.ઇ.નો ખિતાબ પ્રાપ્ત કરનાર જ.અહમદભાઇ ગુલને મેનેજીંગ ટ્રસ્ટી જ.સલીમભાઇના હસ્તે શાલ ઓઢાડીને આલીપોર ગૌરવ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. એવોર્ડ પ્રાપ્ત કર્યા બાદ પોતના પ્રતિભાવમાં ગુલ સાહેબે પોતાના જીવનનાં સ્મરણો વાગોળી સલીમભાઇનો અને શાળા પરીવારનો આભાર માન્યો હતો.ગુજરાતી ગઝલકાર એવા જ.ગુલામભાઇ સેવકનો પરિચય આપતા એમની ઉમદા કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. ડે.કલેકટર યાસ્મીનબહેન શેખના હસ્તે જ.ગુલામભાઇ સેવક ના ફરિયાદ ગઝલસંગ્રહનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ગઝલસંગ્રહની ગઝલ ગુલામભાઇ દ્વારા સ્વમુખે રજુ કરી શાળા પરિવારના આભાર વ્યકત કર્યો હતો.કાર્યક્રમના બીજા ચરણમાં શાળાના શિક્ષક જ.સઇદભાઇ મુલ્લા દ્વારા શાળા પ્રગતિ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.શાળામાંથી તાલુકાકક્ષાએ ઇકો એમ્બેસેડર બનેલ વિદ્યાર્થી સલેમા,ફાતેમા,ડૉ.જમીલ અને શંકર પાટીલને આર.એફ.ઓ.જ.આસીફભાઇના હસ્તે ચેક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.યુ.કે.થી પધારેલ આલીપોર મુસ્લિમ એસોસીયેશનનાં ઉપપ્રમુખ જ.ઇસ્માઇલભાઇ પટેલ સા.નું પણ આચાર્યશ્રીના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.યાસ્મીનબહેને પણ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વાતો રજુ કરી જીવનમાં ડર્યા વિના આગળ વધવા માટે શુભેચ્છારૂપ વચનો કહેવામાં આવ્યા હતા. અંતમાં મેનેજીંગ ટ્રસ્ટી જ. સલીમભાઇ પટેલ સા.એ કવિશ્રી ગુલ,ગઝલકાર શ્રી સેવકને અભિનંદન પાઠવી ધો.૧૦-૧૨ ના પરિક્ષાર્થીઓને પરીક્ષામાં સારા ગુણ સાથે ઉત્તીર્ણ થવા માટે શુભેચ્છા પાઠવી હતી.આભારવિધી શિક્ષકશ્રી તન્વીરૂદ્દીન સાહેબે કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મીતાબેન રાઠોડએ કરી હતી. રાષ્ટ્રગીત ગાન કરી સર્વે પ્રીતિભોજનનો આનંદ માળ્યો હતો.

## S.S.C. અને H.S.C. ના વિદ્યાર્થીઓ જોગ

# સોસાયટી તરફથી એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ના વિદ્યાર્થીઓ માટે મેડલ તથા ઇનામની જાહેરાત

- **ડૉ.એમ.ઇ.કાઝી મેડલ :-** એસ.એસ.સી.માં સૌથી વધુ માર્કસ મેળવનાર વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને આપવામાં આવશે.
- **મુલ્લાં ફેમેલી ધામરોડ મેડલ :-** એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)માં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** આપવામાં આવશે.
- **મર્હુમ પ્રિ.અ.ખાલીક અમલા મેડલ :-** એસ.એસ.સી.માં દક્ષિણ ગુજરાતમાં નર્મદા નદીના **દક્ષિણ કિનારાથી વાપી સુધી અને પૂર્વમાં નવાપુર સુધીના વિસ્તારમાં મુસ્લિમ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની** જેણે સૌથી વધુ માર્કસ મેળવ્યા હોય તેને આપવામાં આવશે.
- **જીતાલી એવોર્ડ :-** એચ.એસ.સી.સાયન્સની વાર્ષિક પરીક્ષામાં અંગ્રેજી,વિજ્ઞાન,ગણિતના વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** આપવામાં આવશે.
- **મર્હુમ ગુલામ મહમદ ટીલી મેડલ :-** એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ (આર્ટસ, કોમર્સ) માં છોકરાઓમાં સૌથી વધુ માર્કસ મેળવનારને મર્હુમ ગુલામ મહમદ ટીલી મેડલ આપવામાં આવશે.
- **મર્હુમા ફાતેમાબહેન ટીલી મેડલ :-** એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ (આર્ટસ, કોમર્સ) માં છોકરીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનારને મર્હુમા ફાતેમાબહેન ટીલી મેડલ આપવામાં આવશે.
- **મર્હુમા આબેદાબહેન મહમદઅલી દરસોત રોકડ પુરસ્કાર :-** એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વહોરા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને** રૂા.૧૧ હજાર રોકડ પુરસ્કાર ઇનામ આપવામાં આવશે.

